

પિયુમિલન માટે તડપતી નારી પિયુના પંથ ઉપર ડોક ઢાળીને નીરખ્યા કરતી હોય, ને પછી શ્રમથી ઢળી પડેલા ગળા ઉપર જેવી લાલાશ પ્રગટે; એવી રક્તારંગી કોર આભલાને માથે ખેંચાઈ ગઈ છે. શ્રમિત-નિરાશ ચહેરા ઉપરથી ટપકતાં પ્રસ્વેદ બુંદ જેવાં ગુલાબી-લાલ કિરણો ગગન માથેથી ટપકી ર'યાં'તાં. ઉપારાણીની છાબડી સૂના મારગ માથે વેરાઈ ગઈ ને પીળા-લાલ રંગોનાં છાંટણાં ધરતી માથે છંટાવા માંડ્યાં; એવે ટાણે થરાના દરબાર-ગઢમાં વાઘેલા પરથીરાજજી દાઢી માથે હાથ ફેરવતા-ફેરવતા સરજી મીરની વાણી સાંભળી ર'યા છે.

થરાનો દરબારગઢ એટલે ગઢવી, બારોટ ને મીર જેવી કવિ કોમ માટે માથાનું ઓશીકું મૂકીને બેસવાનો આશરો ! વાઘેલાના દરબારમાં જાચવા માટે દૂર દૂરથી સરસ્વતીના પુત્રો આવે. મહારાજા પરથીરાજજી ગાંડાતૂર બનેલા મેઘરાજાની જેમ વરસી પડે. દાનની ગંગા વહે. માંગનારા માગે તે આપી દે....પરથીરાજજીએ કેટલાક કવિઓને થરામાં વસાવેલા. તેમાંનો એક કવિ એટલે સરજી મીર....!

Scanned by CamScanner
Scanned with CamScanner

આજ સરજી મીરના મીઠા ગળામાંથી સાકરના માંગડા જેવાં વેણ કચેરીમાં પથરાઈ ર'યાં છે. સરજી મીરે વાઘેલા વંશના મહાપરાક્રમી રાજવીઓની પેઢીઓનો ચોપડો ખોલ્યો. માલાજી વાઘેલાના રાજકુમાર કુંપોજી. કુંપોજીના કુંવર દુદાજી ને દુદાજીના કુંવર દેવાજીએ થરા ગામનું તોરણ બાંધ્યું. દેવાજીની વીરતાની વાતો કરતાં કરતાં વાઘેલાની કચેરીમાં શૌર્યનું પૂર વહેવા માંડ્યું. દેવાજીના ખેમાજી ને ખેમાજીના થયા જામાજી. જામાજી વાઘેલા તો ઠાકરબાન ઉપર રમતું પાત્ર. જામાજીની વાતને લડાવી લડાવીને સરજી મીરે વાઘેલાની કચેરીમાં રંગ લાવી દીધો. જામાજીથી પરથીરાજજી સુધી દુર્જનસિંહ, જાલમસિંહ, હોલતસિંહ, અજેરાજજી, સરદારસિંહ વગેરે રાજવીઓની જુદી જુદી વાતો આગળ વધતી ગઈ ને વાઘેલાઓ મીરને બિરદાવતા રહ્યા—

'વાહ....વાહ....રંગ....સરજી મીર...રંગ તુને....!'

અમલ કસુંબાનો દોર ચાલ્યા કરે છે. એક પા સીસમની ખરલમાં માળવી અમલની બટ્ટીઓ 'લસરક-લસરક' ઘૂંટાઈ રહી છે. ને હિંગળોકિયા રંગનો કસુંબો તૈયાર થઈ રહ્યો છે. વાઘેલાઓ એકબીજાને જુદી જુદી આણ દઈ ને અમલની અંજલિઓ દઈ રહ્યા છે.

અંજલિઓમાંથી લાલઘૂમ અમલનાં બુંદ ટપક....ટપક થવા માંડ્યાં ને સરજી મીરે અમલનું કવન ઉપાડ્યું—

'મુસા વાહણુ, ગજબદન, હરણુ રોગ હંમેશ;
અમલ લયંતાં આપને, ગાઢા રંગ ગણેશ.

Scanned by CamScanner

Scanned with CamScanner

જોગ ધ્યાન ધરે સદા, પારવતી રે પીવ,
અમલ લયંતાં આપને, શીવજી રંગ સદીવ.
ક્રીધ અહંકર લંકરો, જીત ભયંકર જંગ,
અમલ લયંકર આપને, રઘુવર કિંકર રંગ.
કુળ રાવણ રો ખે કિયો, સુરનર નાગ સવાથ,
અમલ લયંતાં આપરે, રંગ રંગ રઘુનાથ.

જ્યાં સરજી મીરે અમલના આવા ગુલ્લુ ગાયા કે વાઘેલાઓ અમલની હથેળિયું ભરી ભરીને સરજી મીરના મોંઢામાં ઠાલવવા માંડ્યા. 'હા....ના....હા....ના....' કરતાં તાંસળીભાર અમલ સરજી મીરના પેટમાં પેસી ગ્યું.... ને આ તો અમલ ! થ્યું જઈ ને પરગટ.. ને વાઘેલાનો પ્રસિદ્ધ બિરદાવલી ગાતાં ગાતાં મીર તો થરાની હદ બારો નીકળી ગ્યો ને પોંચ્યો થરાથી વીસ ગાઉ દૂર સાંપરાના દરબાર-ગઢમાં ! સાંપરાની ગાદી ઉપર ઈ ટાણે દસાજી દરબાર હતા.

"વાહ.... ! દસાજી...વાહ.... ! સોપરાના ધણી... !"

વાઘેલા સાંભળીને ભડકચા.

"મીર....શું બોલો છો ?"

"વાહ...સગાળશા....વાહ... ! રાજા કરણનો ત્રીજો અવતાર ! વાહ દસાજી, વાહ.... !" મીર તો અફીણના નશામાં તણાતો જતો હતો.

"સરજી મીર... ! હાંઉ કરી જાઓ... !' એક વાઘેલે ત્રાડ નાખી.

"વાહ દસાજી વાહ... ! કળજગને માથે તો એક જ મણિ હોં... !"

Scanned by CamScanner

Scanned with CamScanner

"સરજી મીર...! આ થરાનો દરબારગઢ છે. આંઈ સોપરા કયાં આવ્યું?"

એક વાઘેલો ઊભો થયો ને તેણે પડકાર ફેંકયો.

"હા 'હયા!" મીરના મોમાંથી આશ્ચર્ય સહ ઉદ્ગાર સરી પડયો.

"પરથીરાજ બાપુની વાત કરતાં કરતાં સોપરાના ધણીની વાત શેં ઉપાડી, સરજી મીર?!" એક અનુભવ-ડાહ્યા વાઘેલા વૃદ્ધે પૂછયું. ઘડીભર તો સરજી મીરના મોં ઉપર કાળો રંગ ફરી ગયો, પણ બીજી જ પળે તેણે જીભને સંભાળતાં કહ્યું– "વાઘેલા, તોબા, મારે આંખોનું રતન; અન્નદાતા, પણ તેજની વાત્યું નીકળી છે, તો ઈ તારલાને સે ભુલાય?"

"એટલે અમે દીવડા ને દસોજી તારલો?" વાઘેલાની ભ્રમર ખેંચાઈ.

"બાપુ, તમે તો ઝળહળતા સૂરજ ને ઈ તો આકા-શમાં દૂર દૂર ટમકતો તારલો.... પણ એને ય તેજ તો પોતાનું જ છે હોં....!" સરજી મીરે કહ્યું.

"સરજી મીર, દસોજીમાં એવું તે શું ભાળી ગ્યા છો?"

"હજૂર, દસોજી છે મામૂલી જાગીરદાર, પણ દિલ દરિયા જેવડું હોં!" મીરે છાતીને ખેંચીને ટકોર કરતાં કહ્યું.

"એમ....!" દસોજી, થરાના વાઘેલા તો કવિઓને માથાં આપી દે હોં..!" એક વાઘેલાએ સરાણ માથે

Scanned by CamScanner

Scanned with CamScanner

ધસાતી તલવારમાંથી નીકળે એવા અવાજે કહ્યું.

"હા, ઈ તો આંખમાથા પર...! સરજી મીરે હાથને માથા પર અડાડતાં કહ્યું.

"ને સોપરાનો ધણી માથું ના આલે તો કાંઈ નઈ, એના પગની પીડા લઈ આવો, તો જાણું સરજી મીર; કે ઈ તેજનો ભરેલ તારલો છે...!" પરથીરાજજી વાઘેલાએ સરજી મીરની કીકીઓમાં વેણુનો ઘા કરતાં કહ્યું.

"ભલે....મારા ધણી, દસોજીની પીંડી લઈ ને થરાના દરબારગઢમાં આવીશ, નઈ તો છેલ્લા રામ રામ!" સરજી મીરે કહ્યું ને ભેટ છોડી નાખી. મીર ઊભો થઈ ગયો.

તાંસળી-તાંસળી અમલ પીને બેઠેલા જોરાવર વાઘેલાઓની નસ ને નાડીઓમાંથી અમલ બધું જાણે પાણી, પાણી થઈ ગયું....! રતુમડી થઈ ગયેલી મીર સરજીની આંખો ય અમલ વગરની ઘેાળી ફક્ક થઈ ગઈ! દરબારગઢમાં ઘડી પહેલાં જે ઉલ્લાસનું વાતાવરણ હતું; તેને બદલે શોકની કાળી છાયા પથરાઈ ગઈ.

થરાના દરબાર પરથીરાજ વાઘેલાનો માનીતો કવિ મીર સરજી ચિહ્વારીની પડખે નાનકડી જાગીર દબાવીને બેઠેલા સોપરાના ધણીની દેાદીએ આવીને ઊભો રહ્યો ને તેણે દસાજીને બિરદાવવા માંડ્યા.

સોપરાની નાનકડી કચેરીમાં આનંદના જાણે ઘોધ ઊમટ્યા! કચેરી આખી મીરની વાણીના પૂરમાં તણાવા માંડી, દસોજીની છાતી વેંત વેંત ઊંચી થઈ ગઈ. લટ

Scanned with CamScanner

ઢસોજીથી બોલાઈ ગયું–

"ભાગો ભાગો...કવિરાજ, ભાંગી લ્યો..."

"બાપુ, હું તો થરાના ધણી પરથીરાજ વાઘેલાનો કવિ. મારો ધણી પરથીરાજ રાજા કરણનો અવતાર છે. મારે શી બોટ હોય?" સરજી મીરે કહ્યું.

"સરજી મીર, કવિરાજને ગમે ત્યાં જાચવાનો હક્ક હોય. આજ મને ઊલટ વ્યાપી છે, નંઈ ભાગો તો કવિરાજ, સાંપરાના ધણીને...લાંછન રઈ જાશે."

"ધન–દોલત કે સોના–ચાંદીનો મારે ખપ નથી.. ઘોડા–હાથી કે ગાયો ય નથી જોઈતી. ઈ બધું આપવાવાળો તો મારો રાજા પરથીરાજ વાઘેલો બેઠો છે, પણ, મારે તો..." અને આગળ બોલતાં સરજી મીર અટકી ગયો.

"બોલો...બોલો સરજી મીર, કો' તો રાજ–રજવાડાં દઈ દઉં; ને કો' તો માથું ઉતારી દઉં...!" સાંપરાનો ધણી ટહુકયો.

"વાહ.... ! રંગ તને, સાંપરના ધણી...! તારું માથું તો સવા લાખનું, બાપ ! પણ, દેવું હોય તો તારા શરીરનું બેક અંગ દઈ દે...!" મીરે અવાજમાં લાગણીનો સ્વર ભળતાં કહ્યું.

"કયું અંગ દઈ દઉં, મીર....! બોલો..."

"દેવી હોય તો પગની પીંડી દઈ દે, ઢસાજી....!" મીરે તપેલા લોખંડ માથે જાણે ઘા ઝીંકયો.

"ઢસાજી બાપુના પગની પીંડી?" બે ચાર ઢરબારીઓ ઉભડક બેઠા થઈ ગયા.

Scanned by CamScanner
Scanned with CamScanner

"હા, બાપુની જીવતી પાની....!" સરજી મીરે ચાખવટ કરી.

દરબારીઓની આંખોના રંગ ફરી ગ્યા. મીરને કાચો ને કાચો ખાઈ જવા દરબારીઓનાં ડાચાં પહોળાં થઈ ગ્યાં.

"ગજબ કરી નાંખ્યો, મીર! આવી તે માગણી હોતી હશે?" એક દરબારી ઊભો થઈને મીર તરફ ધસ્યો.

"સબૂર..." દસોજીએ દરબારીને અટકાવ્યો.

"કવિરાજ, બોલો, પીંડી કયારે જોઈએ?"

"આવતીકાલે સવારે..." મીરે કહ્યું.

દસોજીએ મરક-મરક હસતાં બીજે દી' સવારે મીરને બોલાવ્યો..

અંગેઅંગમાંથી આળસનાં અંધારાં ખંખેરીને દા'ડો ક્ષિતિજમાં ચડીને ચમકવા માંડ્યો. સુંગલ તળાવમાં હિલોળા લેતાં પાણીમાં સૂરજનું બિંબ પણ નાચવા માંડ્યું. હવાની લહેરો પાણીમાં ભીંજાઈને મહાદેવજીના મંદિરની ધજા ઉપર જઈને વીંટળાવા માંડી. એવે ટાણે તળાવના પાણીમાં સ્નાન કરીને બહાર નીકળેલો કો'ક જોગન્દર જેવો દસોજી, હાથમાં કટાર લઈને મીર સરજીની સામે ઊભો રહ્યો.

મીર સરજી આંખો બંધ કરીને સૂરજ મા'રાજને અર્ઘ્ય આપતો હતો, ત્યાં દસોજીએ પગની પાની વાઢીને મીર સરજીના હાથમાં મૂકી દીધી. અને જાણે કાંઈ બન્યું ના હોય તેમ દસોજી હાલતો થઈ ગયો. સરજીની આંખમાંથી આંસુના ધોધ વછૂટ્યા.

મારતા ઘોડે થરાના દરબારમાં આવેલા મીરે દરબાર-

Scanned with CamScanner

ગઢની વચ્ચે સાંપરાના દરબારની પીંડી મોંઘા કપડાની અંદરથી ઉકેલવા માંડી. જાણે આંખમાંથી રતન ઉકેલાતું હોય એમ ઉકેલાઈ ગયેલી પીંડીને જોઈ ને થરાના દરબાર-પરથીરાજ વાઘેલાના મોંમાથી પ્રશંસાનાં પુષ્પો વેરાવા માંડ્યાં–

"ધન્ય...ધન્ય....સાંપરાના ધણી, અરેા હાતા ! બેસો મીર...."

"હવે કેમ બેસું, બાપુ ? પગની પીંડીનું લોહી, પાણી બનીને થીજી રહ્યું છે. અંગેઅંગ બળતરા ઊઠી છે." મીરે વેદનાથી પગની પાનીએ હાથ ફેરવતાં કહ્યું.

સાંપરાના ધણીની વેદના પંડના અંગ માથે અનુ-ભવતો મીર પીંડીને રેશમી કપડામાં વીંટી ફરી પાછો સાંપરા તરફ આવવા હાલી નીકળ્યો.

મીરનું અંતર કોરાઇ જાય છે. જેવી બળતરા સાંપ-રાના દરબારને નહીં થતી હોય, એવી બળતરા મીરના પગમાં ઊઠી છે. પગ આખો જકડાઈ ગયેા છે. લોહીનેા ધોરિયેા જાણે વહેતેા બંધ થઈ ગયેા છે.

મીરનેા ઘેાડેા સાંપરાની બાજુમાં દેવ જસરાજની ઢેરીએ આવીને ઊભેા રહ્યો. દેવ જસરાજ આગળ કાયા પાડી નાખવા મીર બેઠેા. રાત આખી મટકું માર્યા વગર બેઠેલા મીરના અંતરમાંથી વાણી ઊઠી અને તે બળને સહારે ઊભેા થયેા. જસરાજની ઢેરી પાસે શણનું એક ઝાડ ઊભું હતું, તેણે તેનાં પત્તાં ઓકઠા કર્યાં અને તે લઈ દસેાજીના દરબારગઢે જઈ ને ઊભેા રહ્યો.

Scanned by CamScanner

Scanned with CamScanner

પીંડીઓ પર પીંડી મેળવી તેના ઉપર વાટેલી ચણા
ખાપડી ને ઉપર પાટો બાંધતાં મીરે કહ્યું–"બાપુ, મારા
પુરુષ-પરમની જરૂર છે. પીંડી હારે પીંડી મળી જાશે."
ને પછી મીર એક દોહરો કીધો—

"દેવા શરે તું દેવ હે, જસ લિયે જસરાજ;
મીર સરજી અરજી કરે, જાહેર કરો મહારાજ....!"

નોંધ : સાંપરાના દરબારે મીર સરજીને ૨૫ વીઘા જમીન આપી. મીર સરજીએ સાંપરામાં વસવાટ કર્યો. તેના વંશજો હાલ પણ સાંપરામાં રહે છે. આ બનાવ લગભગ સો વર્ષ પહેલાં બન્યો હતો. આ લોકવાર્તાની વિગત રાજુ મીર પાસેથી મળી છે.

ધરાના પૃથ્વીરાજજીએ કવિરાજને આંસુભરી આંખે વિદાય આપી.

Scanned by CamScanner

Scanned with CamScanner